રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૩૯૦ કેસ

કોરોનાને લીધે ૧૧નાં મૃત્યુ : અત્યાર સુધીમાં ૧૧૭૨૩૧ લોકો ડિસ્ચાર્જ થયા જ્યારે ૩૪૫૩નાં મૃત્યુ થયા : એક્ટિવ કેસની સંખ્યા ૧૬૭૧૦

ગાંધીનગર,તા.૩૦

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૬૧૯૬૬ ટેસ્ટ કરવામાં આવતા ૧૩૯૦ કેસ નોંધાયા હતા. રાજ્યમાં આજે ૧૧ દર્દીના મોત કોરોનાને લીધે થથા કુલ મૃત્યુઆંક ૩૪૫૩ થયો છે. રાજ્યમાં આજે કુલ કોરોના સંક્રમિત આંકડો ૧ લાખ ૩૭ હજાર ૩૯૪ થયો છે. રાજ્યમાં આજે ૧૩૭૨ દર્દીઓ સાજા થયા છે. આ સાથે કુલ ૧,૧૭,૨૩૧ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે.

રાજ્યમાં આજની સ્થિતિએ ૧૬૭૧૦ એક્ટિવ કેસ છે. જેમાં ૮૬ વેન્ટીલેટર પર અને ૧૬૬૨૪ સ્ટેબલ છે. અનલોક ૪ના અંતિમ દિવસે રાજ્યમાં સપ્ટેમ્બર માસમાં પ્રથમ દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૧૩૦૦ને પાર ગયો અને આઠવાર ૧૪૦૦ને પાર આંકડો ગયો હતો. સમગ્ર સપ્ટેમ્બર માસમાં કુલ કોરોનાના કેસ ૩૯૬૪૯ કેસ નોંધાયા છે. જ્યારે આ ઘાતક બિમારીથી ૪૪૫ દર્દીના મોત નીપજ્યા હતા. રાજ્યમાં આજે કોવિડ-૧૯ના લીધે ૧૧ દર્દીના મોત થયા હતા.

જેમાં અમદાવાદ શહેરમાં ૩, સુરત શહેર અને જિલ્લામાં ૨, કચ્છ, મહેસાણા, રાજકોટ શહેર અને વડોદરા શહેરમાં ૧ મોત નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૭૯ અને જિલ્લામાં ૧૮ સાથે ૧૯૭ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો અમદાવાદ શહેરમાં ૩૬૮૪૮ થયો છે. આજે ૩ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૮૧૩ થયો છે. સુરત શહેરમાં ૧૮૦ અને જિલ્લામાં ૧૧૮ સાથે ૨૯૮ કેસ કોરોના નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૨૯ હજારને પાર થઈ ૨૯૧૬૯ થયો છે.

આજે ૨ મોત થતા કુલ મૃત્યુઆંક ૭૬૯ થયો છે. વડોદરા શહેરમાં ૯૨ અને જિલ્લામાં ૪૧ સાથે કુલ ૧૩૩ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧૨ હજારને પાર થઈ ૧૨૦૮૬ થયો છે. આજે ૧ મોત થતા કુલ મૃત્યુઆંક ૧૮૫ થયો છે. રાજકોટ શહેરમાં ૧૦૫ અને જિલ્લામાં ૪૬ સાથે કુલ ૧૫૧ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૯૨૫૧ થયો છે. આજે ૧ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૪૦ થયો છે. જામનગર શહેરમાં ૬૮ અને જિલ્લામાં ૨૪ સાથે ૯૨ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૬ હજાર પાર થઈ ૬૦૮૯ થયો છે.

ગાંધીનગરમાં વિવિધ વિકાસકાર્યોમાં ખૂબ ઝડપ આવી છે. રોડ રસ્તાના કામો ઠેર ઠેર થઈ રહ્યા છે. ઘ-૬ અને ચ-૬ના રોડની કામગીરી હાલમાં થઈ રહી છે. અહીં પાણીના નિકાલ માટે ખૂબ જ સરસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

૨૧મીથી મગફળીની ખરીદીનો પ્રારંભ થશે : રૂપાણી

ગાંધીનગર ,તા.૩૦

મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના નેતૃત્વવાળી ખેડૂતહિત લક્ષી ગુજરાત સરકારે ચાલુ સિઝનમાં અતિવૃષ્ટિના કારણે થયેલા પાક નુકસાનમાં ખેડૂતોને સહાય પેટે તાજેતરમાં જાહેર કરેલા ૩૭૦૦ કરોડના પેકેજ, ખેડૂતોને વિવિધ સ્વરૂપે મદદ કરતાં સાત પગલાં ખેડૂત કલ્યાણના, ટેકાના ભાવે પાકની ખરીદી, એપીએમસી એક્ટ કરેલા સુધારા તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે કેન્દ્રમાં ખેડૂતોના હિતમાં પસાર કરેલા ત્રણ કૃષિ બિલના નિર્ણયોને ગુજરાતના ખેડૂતોએ આવકાર્યા હતા. જેના ભાગરૂપે સ્વર્ણિમ સંકુલ ગાંધીનગર ખાતે આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીને રૂબરૂમાં મળીને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતોએ આભાર માની વિવિધ મોમેન્ટોથી સન્માન કર્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં આગામી ૨૧, ઓક્ટોબરથી પ્રતિમણ ૧૦૫૫ ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રારંભ કરવામાં આવશે. કોંગ્રેસના મિત્રો ખેડૂતોને કૃષિ બિલ અંગે ગેરમાર્ગે દોરવાનું બંધ કરે. હર હાથ કો કામ હર ખેત કો પાનીના ધ્યેય મંત્ર સાથે તમામના કલ્યાણ માટે ગુજરાત સરકાર કામ કરી રહી છે તેમ જણાવી મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ગામડું સુખી હશે તો જ શહેરમાં રૂપિયા આવશે. આજથી ૨૦ વર્ષ પહેલાની પરિસ્થિતિ અને અત્યારની પરિસ્થિતિમાં ખૂબ મોટો બદલાવ આવ્યો છે. મુખ્યમંત્રી કહ્યું હતું કે, ખેડૂતોને સમયસર ગુણવત્તાયુક્ત બિયારણ, ખાતર, વીજળી, અને પાણી આપવામાં આવે તો જગતની ભૂખ ભાંગવાની શક્તિ ગુજરાતના બાવળામાં છે. કેન્દ્રની કોંગ્રેસની સરકારોએ સાત-સાત વર્ષ સુધી ગુજરાતમાં સરદાર સરોવર બંધના દરવાજા બંધ કરવાની મંજૂરીના આપી તેથી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રનો ખેડૂત સિંચાઇ વિનાનો રહ્યો. જ્યારે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનતાની સાથે જ માત્ર ૧૭ દિવસમાં જ દરવાજા બંધ કરવાની મંજૂરી આપી હતી. જેના પરિણામે છેલ્લા ૨ વર્ષથી સરદાર સરોવર બંધ સંપૂર્ણ છલકાય છે. આજે આપણે સૌની યોજના થકી સૌરાષ્ટ્ર.અને સુજલામ સુફલામ કેનાલ દ્વારા ઉત્તર ગુજરાતના ખેડૂતોને સિંચાઇ માટે પાણી પુરૂ પાડવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસના વખતમાં લંગડી વિજળી મળતી હતી જ્યારે અમારી સરકારે જ્યોતીગ્રામના માધ્યમથી ૨૪ કલાક વિજળી ઉપલબ્ધ કરાવી છે. એટલું જ નહી ખેડૂતોને રાત્રે પાકને પાણી પાવા જવું ન પડે અને દિવસે જ આઠ કલાક વિજળી મળી રહે તે આધારિત સોલાર આધારિત દિનકર યોજના જાહેર કરવામાં આવી છે જે આવનાર ત્રણ વર્ષમાં સમગ્ર રાજ્યમાં અમલી બનશે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે છેલ્લા ચાર વર્ષમાં ખેડૂતો પાસેથી ૧૫,૦૦૦ કરોડથી વધુ રકમની કૃષિ ઉપજ ટેકાના ભાવે ખરીદી છે. પાક વીમા કંપનીઓ સમયસર વિમાની રકમ ચૂકવતી ન હોવાથી વિવિધ કુદરતી આપત્તિમાં ખેડૂતને રાજ્ય સરકારે સીધી સહાય ચુકવવાનું નક્કી કર્યુ છે જેના ભાગરૂપે ૩૭૦૦ કરોડનું સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.

બાબરી મસ્જિદ મામલે સીબીઆઈ કોર્ટના ચુકાદાને આવકારતાં મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૩૦

આજે સીબીઆઈની વિશેષ અદાલતે ચુકાદો આપતા બાબરી વિવાદીત ઈમારત તોડી પાડવાના કેસમાં કોંગ્રેસ સરકારે તે સમયે રાજકીય પૂર્વગ્રહ રાખીને ખોટા આરોપો મૂકીને સંતો-મહંતો, વિશ્વ હિન્દુ પરિષદ અને રાજકીય નેતાઓના નામ સામેલ કર્યા હતા. આ તમામ લોકોને કોર્ટે નિર્દોષ જાહેર કર્યા છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સીબીઆઈની વિશેષ અદાલતના આ ચુકાદાને આવકારતાં જણાવ્યું કે સત્યનો જ વિજય થતો હોય છે. સમગ્ર દેશની ધર્મ અને રાષ્ટ્રપ્રેમી જનતા એ આ ચુકાદાને આવકારે છે.

મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યુ હતું કે ચુકાદામાં વિલંબ થયો પણ અંતે સત્યનો વિજય થયો છે. કોર્ટે આ કેસમાં સામેલ હતા જ નહીં તેવા સંતો, મહંતો, ધર્મ અને રાષ્ટ્રપ્રેમી નેતાઓ સહિતના આગેવાનો, નાગરિકોને નિર્દોષ જાહેર કર્યા છે. જે ચુકાદાને ગુજરાત સહિત દેશની જનતાએ આવકાર્યો છે.

ડીસા-રાજપુરના ખારાકુવા પાસે આખલાએ બાળકને પછાડતા ઘવાયો

ડીસા, તા. ૩૦

ડીસા માં ઠેરઠેર આખલાઓ નજરે પડે છે જેના લીધે વારંવાર અકસ્માતો થાય છે અને ગંભીર ઈજાઓમાં કેટલાય વ્યક્તિઓ મોતને પણ ભેટે છે તેમછતાં પાલિકા દ્વારા રખડતા ઢોર મુદ્દે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. ત્યારે રાજપુર ખારા કુવા પાસે ઘરના આગણાંમાં ઠેકેદાર જિશાન ફેસલભાઈ (ઉ.વ.૩) રમી રહ્યો હતો ત્યારે અચાનક આખલાએ સિંગડાથી ઉપાડીને રોડ પર પટકતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તાબડતોબ દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આજુબાજુવાળા પાડોશીઓ તુરંત આવી જતા આખલાથી બાળકને બચાવતા બાળકની જિંદગી બચી જવા પામી હતી. નગરપાલિકા દ્વારા આખલા પકડવાનો કોન્ટ્રાક્ટ આપેલ છે છતાં રાજપુર ગવાડી વિસ્તારમાં જ્યાં દેખો ત્યાં આખલા નજરે પડે છે પરંતુ નગરપાલિકા દ્વારા આખલાને પકડવાની કોઈ તજવીજ હાથ ન ધરતા નગરપાલિકા સામે લોકોમાં રોષ વ્યાપી જવા પામ્યો છે. આખલાને લીધે અગાઉ ગવાડી વિસ્તારમાં બે વ્યક્તિઓ મોતને ભેટવા પામી હતી ત્યારે તંત્ર દ્વારા તાત્કાલીક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી જન માંગ ઉઠવા પામી છે.

મોડી રાત્રિએ શહેરના જીવદયા પ્રેમીઓની જહેમતભર્યા બચાવકાર્યથી આખલાનો જીવ બચ્યો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં ગ-૨ સર્કલ નજીક ત્રણેક દિવસથી બિમાર આખલો મોતની ઘડીઓ ગણી રહ્યો હતો ત્યારે શહેરના જીવદયાપ્રેમી સ્વયંસેવકોએ અસરકારક રેસ્ક્યુ કાર્ય હાથ ધરી જહેમતના અંતે તેનો જીવ બચાવી લેવામાં સફળતા મેળવી છે. આખલાની તપાસ બાદ તબીબોએ તેને ફુડ પોઈઝનીંગ થયું હોવાનું નિદાન કર્યુ હતુ.

શહેરના ગ-૨ સર્કલ નજીક આશરે ત્રણેક દિવસથી એક આખલો મૃતઃપ્રાય અવસ્થામાં પડ્યો હતો જેની તરફ કોઈનું ધ્યાન ગયું નહોતુ, અને કદાચ કોઈ વ્યક્તિનું ધ્યાન ગયું હોય તો તેણે તેને મૃત માની તે જીવતો છે કે નહી તે જોવાની તસ્દી લીધી નહોતી. આ દરમ્યાન મંગળવારે રાત્રે ૧૧.૩૦ વાગે એક વ્યક્તિએ આ આખલાને જીવતો હોવાનું જોઈ તે માટે ગાંધીનગર વોલિયન્ટર્સ ગૃપના સ્વયંસેવકોનો સંપર્ક સાધ્યો હતો અને આ માહિતી મળતાં જ સ્વયંસેવકો વિવેક પરમાર, તેજસ ગામિત, સાગર સોની, વિરાજ તથા કૌશલ ઠક્કર અને તેમની ટીમ આખલાના બચાવકાર્યમાં લાગી ગઈ હતી. તેમણે મોડીરાત્રે રૂપાલ ખાતેની જનની ગૌ શાળાની મદદ માંગી તેમના તબીબોને બોલાવ્યા હતા જેમણે પહેલા તો આખલો સવાર સુધી જીવશે નહી તેવી ધારણા બાંધી હતી અને જો સવાર સુધી જીવે તો તેને બચાવી શકાશે તેવો અભિપ્રાય આપ્યો હતો.

આખરે મોડી રાત્રે યુવા સ્વયંસેવકોએ આખલાને તેનુ મ્હોં પ્હોળુ કરી તેમાં હાથ રાખીને બોટલો દ્વારા આસરે અડધી ડોલ જેટલુ પાણી મહા મહેનતે અને જોખમે પીવડાવવામાં સફળતા મેળવી હતી. જેને પ્રતાપે આખલો સવાર સુધી જીવતો રહેતા આજે સવારે જનની ગૌ શાળાની ટીમે આવીને તેમની ખાસ એમ્બ્યુલ્સમાં આશરે પંદરેક યુવા સ્વયંસેવકોની મદદથી આખલાને ચડાવી રૂપાલ જનની ગૌશાળા ખાતે સારવાર માટે લઈ ગયા હતા. આમ શહેરના જીવદયાપ્રેમી સ્વયંસેવકોના ભારે જહેમતભર્યા સેવાકાર્યને પગલે આખલાનો જીવ તો બચી જવા પામ્યો છે પરંતુ આ સ્વયંસેવકો દ્વારા શહેરના કોઈપણ પ્રાણી અકસ્માતે ઘાયલ કે બિમારીથી પિડાતું હોય તો જાણ કરવાની તસ્દી લેવાની નાગરિકોને અપીલ કરી છે.

હિંમતનગર નાગરિક બેંકના ચેરમેન ગુજરાત અર્બન કો.ઓપ. બેંકર્સ ફેડરેશનમાં ડિરેક્ટર બન્યા

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર નાગરિક સહકારી બેંકના ચેરમેનની ગુજરાત અર્બન કો-ઓપ બેંકર્સ ફેડરેશનમાં ડીરેક્ટર પડે બિનહરીફ વરણી થતા હવે સાબરકાંઠા અને અરવલ્લીની ૧૧ બેંકોનું પ્રતિનિધત્વ કરશે. આ અગેની વિગત એવી છે કે ગુજરાત અર્બન કો-ઓપ. બેંકર્સ ફેડરેશનમાં રાજ્યના તમામ જીલ્લામાંથી એક-એક પ્રતિનિધિ નિમણુક થાય છે જેને લઈને સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાની ૧૧ નાગરિક બેંકો વતી પાચ વર્ષ માટે હિમતનગર નાગરિક સહકારી બેંકના ચેરમેન નલીનભાઈ મોહનભાઈ પટેલની ગુજરાત અર્બન કો-ઓપ બેંકર્સ ફેડરેશનમાં બિનહરીફ વરણી કરવામાં આવતા હિંમતનગર નાગરિક સહકારી બેંકની મેળેલી બોર્ડ મીટીંગમાં ચેરમેનની બિન હરીફ વરણી થતા ડીરેક્ટરો ધ્વારા વધાવી લઈને ફુલછડી અને હાર પહેરાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

શ્વાન અચાનક વચ્ચે આવતા ડીસા-ભીલડી હાઈવે ઉપર બે બાઈક સવાર ઘવાયા

હાઇવે ઉપર રખડતા ઢોરોનો ત્રાસ યથાવત

બનાસકાંઠા જીલ્લાના ડીસા-ભીલડી હાઈવે પર માર્ગ અકસ્માતની ઘટનામાં બે લોકો ઈજાગ્રસ્ત બન્યા છે. મંગળવારે સવારના સમયે ડીસા-ભીલડી હાઈવે પરના માલગઢ પાટીયા પાસે બાઈકની વચ્ચે અચાનક

શ્વાન આવી જતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પર સવાર બંને લોકો ઘાયલ થતાં ૧૦૮ મોબાઈલ વાન દ્વારા બંનેને તાત્કાલિક ડીસા સિવિલ ખસેડવામાં આવ્યા હતા. કોરોના મહામારી વચ્ચે સવારના સમયે ડીસા-ભીલડી હાઈવે પર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે.

વધુ ૧૪ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહિલા, સરકારી નોકરી કરતી ૩૨ વર્ષીય મહિલા તેમજ સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયેલા ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. દહેગામ તાલુકામાંથી આજે બે કેસ મળી આવ્યા છે. એક કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને એક કેસ અર્બન વિસ્તારમાંથી મળ્યો છે. તાલુકાના હિલોલ ગામેથી ૫૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે. જ્યારે અર્બન વિસ્તારમાંથી એક ૩૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. માણસા તાલુકામાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. માણસા તાલુકામાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. માણસા ગ્રામ્ય વિસ્તારમાંથી ૩ અને અર્બન વિસ્તારમાંથી એક કેસ મળી આવેલ છે. સમૌ ગામેથી આજે બે કેસ મળ્યા છે. જેમાં ૬૦ વર્ષીય મહિલા અને ૪૫ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ખરણા ગામેથી એક ૫૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય મહિલાઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. માણસા અર્બન વિસ્તારમાંથી સરકારી નોકરીમાંથી નિવૃત થયેલ ૬૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં નોંધાયેલા કેસોમાંથી ૧૯૧૧ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૧૫૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૪,૭૬૩ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ફી ઘટાડવા નિર્ણય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફાયદો થાય એ રીતે વર્તી રહી છે. નામદાર કોર્ટે ફટકાર લગાવ્યા બાદ પણ સરકારે દિવસો બગાડ્યા અને સરકારે ૨૫ ટકા ફી જ માફ કરી એ યોગ્ય નથી. ત્રણ વર્ષમાં દક્ષિણ ગુજરાતની શાળાઓમાં ૮૮ ટકા ફી વધારો થયો છે. મધ્યગુજરાતની શાળાઓમાં ૩ વર્ષમાં ૭૭ ટકા ફી વધારો થયો. સરકાર ૨૫ ટકાને બદલે સમગ્ર એક સત્રની ફી માફી આપે. શાળા સંચાલકોને હાલ ઓનલાઇન ખર્ચ સિવાય કોઈ ખર્ચ નથી. બીજી બાજુ મંગળવારે, એટલે ગઈકાલે, વાલી મંડળોમાં ફી ઘટાડા મુદ્દે વિખવાદ ઉભો થયો છે. મંગળવારે ગાંધીનગરમાં શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાથે બેઠક કરવા ગયેલા વાલી મંડળના અગેવાનોમાં જ બે ભાગ પડી જતા ફી માફીનું કોકડું ગુંચવાયું હતું. સ્કૂલ ફી માફી કરવી કે નહીં અને માફી કરવી તો કેટલી કરવી તે સવાલ ઉભો થયો હતો. ત્રણ દિવસ અગાઉ વાલી મંડળમાંથી નરેશ શાહ, ભાવિન વ્યાસ, અમિત પંચાલ, કમલ રાવલ સહિત આગેવાનો ભુપેન્દ્રસિંહને મળવા ગયા હતા. તેમાં સરકાર દ્વારા ૨૫ ટકા ફી માફીની વાત કરાઈ હતી જ્યારે વાલી મંડળમાં ૫૦ ટકા અને ૧૦૦ ટકા ફી માફીની માંગ કરાઈ હતી. જેના કારણે તે દિવસે મિટિંગમાં ફી મામલે કોઈ નિરાકરણ આવ્યું ન હતુ. ત્યારબાદ મંગળવારે ફરી વાલીઓ અને શિક્ષણ મંત્રી વચ્ચે બેઠક ગોઠવાઈ હતી. પરંતુ આ બેઠકમાં સ્કૂલ સંચાલકો કેવી રીતે પહોંચી ગયા તે સવાલ પણ ઉઠ્યો છે. એટલું જ નહીં સ્કૂલ સંચાલકોને કોણે ગાંધીનગર બોલાવ્યા તે સવાલો પણ ઉઠ્યા હતા. તેવામાં સ્કૂલ ફી માટે મિટિંગમાં વાલી મંડળના નરેશ શાહ અને ભાવિન વ્યાસ તેમજ સ્કૂલ સંચાલકો જ પહોંચ્યા હતા.

વસવાટ કરે છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. ત્યારે જુના આવાસો તોડવાની કામગીરી પણ ચાલી રહી છે. નવા આવાસોનુ કામ પણ સે-૬ માં ચાલી રહ્યુ છે. જ્યારે હાલની સ્થિતિએ પણ સેકટરોમાં અત્યંત કંગાળ અને જોખમી મકાનો રહીશો માટે ખતરારૂપ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. સેકટરોમાં સ્થિત જોખમી મકાનોમાં હજુ પણ કર્મચારીઓના પરિવારજનો વસવાટ કરી રહ્યા છે. ત્યારે જોખમી મકાનોનો નિકાલ કરવા માટે અધિકારીઓ માટે આવાસો ખાલી કરાવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. સે-૨૯ માં ઘ કક્ષાના જર્જરિત બ્લોકની પણ આવી જ હાલત છે. સેકટરમાં સ્થિત ઘ કક્ષાના આવાસો છેલ્લા ઘણાં સમયથી જોખમી છે. બહારથી પણ આ આવસો અત્યંત કંગાળ જોવા મળી રહ્યા છે. સેકટરમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી જોખમી મકાનો ઝડપથી ખાલી કરાવવા માટે તંત્રએ અભિયાન હાથ ધર્યુ છે. ત્યારે અત્યંત જોખમી બ્લોકના રહીશો માટે અન્ય ઠેકાણે આવાસો ફાળવવા માટે ત્વરિત વ્યવસ્થા ગોઠવાય તે પણ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

ખુલ્લો સપોર્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વચ્ચે નાગોર્નો-કારાબાખ મુદ્દે ચાલી રહેલી લડાઈમાં પાકિસ્તાને નાપાક હરકત શરૂ કરી દીધી છે. એક સ્થાનિક ટેલિફોનિક વાતચીતમાં એવો ખુલાસો થયો છે કે આ જંગમાં અઝરબૈજાન તરફથી પાકિસ્તાની સેના પણ સામેલ છે.

અર્મેનિયા સાથે છેડાયેલી જંગમાં અઝરબૈજાનને સાથ આપવા માટે પાકિસ્તાને પોતાના જવાનોને મોકલ્યા છે. આ ચોંકાવનારો ખુલાસો એક ફોન રેકોર્ડિંગથી થયો. જેની વાતચીત ફ્રી ન્યૂઝ એએમ નામની એક મીડિયા વેબસાઈટે પોસ્ટ કર્યો છે. જેમાં અઝરબૈજાનના બે લોકો પરસ્પર વાતચીત કરી રહ્યા છે. જેમાં એક વ્યક્તિ જણાવે છે કે અહીં પાકિસ્તાનના જવાનો ભેગા થઈ રહ્યા છે. સવાલ જવાબ વચ્ચે એક વ્યક્તિ કહે છે કે જો ગોળીઓ છૂટે તો બીજી જગ્યાએ જતો રહેજે. જેના પર બીજો વ્યક્તિ જવાબ આપે છે કે હાં. અગદમ તરફ. તેમણે (અઝરબૈજાન) ત્યાં પાકિસ્તાનના જવાનો ભેગા કર્યા છે અને તેઓ તેમને અગદમ તરફ લઈ જઈ રહ્યા છે.

નિર્દોષ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવ્યા અનુસાર બાબરી ધ્વંસ કોઈ કાવતરું નહોતું, આ બધા એક ક્ષણની અંદર બનેલી ઘટના જ છે. રાજનાથ સિંહ-ઈકબાલ અંસારી સહિતના નેતાઓએ, ચુકાદાને આવકાર્યો. ચુકાદો આપતા, કોર્ટે પણ સ્વીકાર્યું કે આ કેસમાં સાબિતીઓ સાથે ચેડાં કરવામાં આવ્યા હતા. આ સિવાય વીડિયો અને ફોટોગ્રાફ્સ જે રીતે સાબિત કરાયા છે, તે પુરાવા તરીકે સ્વીકારી શકાય એમ નથી. લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી, કલ્યાણ સિંહ, ઉમા ભારતી, સતિષ પ્રધાન અને મહંત નૃત્ય ગોપાલદાસ અસ્વસ્થ હોવાને કારણે આજે કોર્ટમાં પહોંચ્યા નહોતા. તેઓ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટ કાર્યવાહીમાં જોડાયા હતા, જ્યારે અન્ય આરોપીઓ કોર્ટમાં જ હાજર હતા. ચુકાદા બાદ ભાજપ અને વિહિપના નેતાઓના ચહેરા પર ખુશી જોવા મળી હતી. કેન્દ્રીય પ્રધાન રવિશંકર પ્રસાદ પણ લાલકૃષ્ણ અડવાણીના ઘરે પહોંચ્યા અને તેમને મળ્યા. સીબીઆઈ કોર્ટ વતી આ આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતાઃ એલ.કે. અડવાણી, મુરલી મનોહર જોશી, કલ્યાણ સિંહ, વિનય કટિયાર, મહંત નૃત્ય ગોપાલદાસ, ઉમા ભારતી, મહંત ધર્મદાસ, ડો.રામવિલાસ વેદાંતી, ચંપાત રાય, સતિષ પ્રધાન, પવન કુમાર પાંડે, લલ્લુ સિંહ, પ્રકાશ શર્મા, વિજય બહાદુર સિંઘ, સંતોષ દુબે, ગાંધી યાદવ, રામજી ગુપ્તા, બ્રજ ભૂષણ શરણ સિંહ, કમલેશ ત્રિપાઠી, રામચંદ્ર ખત્રી, જય ભગવાન ગોયલ, ઓમ પ્રકાશ પાંડે, અમર નાથ ગોયલ, જયભાઈ સિંહ પવૈયા, મહારાજ સ્વામી સાક્ષી, વિનયકુમાર રાય, નવીન શુક્લા, આર.એન. શ્રીવાસ્તવ, અર્ચના ધર્મેન્દ્ર દેવ, સિધર કુમાર કક્કર અને ધર્મેન્દ્રસિંહ ગુર્જર. તે જ સમયે, આ કેસમાં ૧૭ આરોપીઓ મૃત્યુ પામ્યા છે.

મુદ્દો ઉકેલ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બિહાર ભાજપના પ્રભારી અને ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું કે, એનડીએમાં બધા લોકો સાથે છે અને બધા એક સાથે લડશે. તેમણે એમ પણ કહ્યું હતું કે બિહાર ભાજપના પ્રદેશ અધ્યક્ષ ડો. સંજય જયસ્વાલે બિહારની હાલની રાજકીય પરિસ્થિતિ અને સીટોને ચાર કેટેગરીમાં (એ, બી, સી, ડી) વિભાજીત કરીને સમગ્ર પરિસ્થિતિની જાણકારી આપી છે. હવે આ બેઠકો પર ચર્ચા કર્યા પછી નક્કી કરવામાં આવશે કે ક્યા પક્ષ કયા પક્ષમાંથી ચૂંટણી લડશે. તેમણે એમ પણ કહ્યું કે એનડીએના નવા ફોર્મેટની પણ એકથી બે દિવસમાં જાહેરાત કરવામાં આવશે. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ સીએમ દેવેન્દ્ર ફડણવીસને પણ આજે બિહારની ચૂંટણી પ્રભારી બનાવવાની હપચારિક જાહેરાત કરવામાં આવી હતી. જે.પી.નડ્ડાના નિવાસસ્થાને બેઠક વહેંચણી અંગેની બેઠકના સમાપન બાદ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે એનડીએ બિહારમાં ખડકની જેમ મજબૂત છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ વખતે ફરી બિહારમાં ત્રણ-ચોથા બહુમતી સાથે નીતિશ કુમારના નેતૃત્વ હેઠળ સરકારની રચના કરવામાં આવશે. આપને જણાવી દઈએ કે બે દિવસ પહેલા બિહારની મુલાકાતે આવેલા દેવેન્દ્ર ફડણવીસે આરજેડી નેતા તેજશ્વી યાદવ પર જોરદાર હુમલો કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ભલે આરજેડીની સરકાર ભૂલથી રચાય તો પણ તેજસ્વી યાદવ તેમની પહેલી કેબિનેટની બેઠકમાં ૧૦ લાખ યુવાનોને રોજગાર આપવાના નામે ૧૦ લાખનો ઓર્ડર આપશે.

મોદીની સુચના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હાથરસની ઘટના પર વાત કરી છે અને કહ્યું છે કે દોષિતો સામે કડક કાર્યવાહી થવી જોઈએ'. અન્ય એક ટવીટમાં મુખ્યમંત્રીએ કહ્યું છે કે, 'હાથરસમાં બાળકી સાથે બનેલી દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાંથી કોઈ બચશે નહીં. આ કેસની તપાસ માટે વિશેષ તપાસ ટીમ બનાવવામાં આવી છે. આ ટીમ આગામી સાત દિવસમાં પોતાનો અહેવાલ રજૂ કરશે. ઝડપી ન્યાય સુનિશ્ચિત કરવા માટે, આ કેસની સુનાવણી ઝડપી ટ્રેક કોર્ટમાં ચાલશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ ઘટના બાદથી વિપક્ષ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને રાજીનામું આપવા માટે દબાણ કરી રહ્યો છે. કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ એક ટ્વિટમાં કહ્યું કે, 'બપોરે ૨.૩૦ વાગ્યે પરિવાર કગરતો જ રહ્યો હતો પરંતુ ઉત્તર પ્રદેશના વહીવટીતંત્ર દ્વારા હાથરસની પીડિતાના મૃતદેહનો બળપૂર્વક અગ્નદાહ કરી દેવામાં આવ્યો હતો. તેણી જીવતી હતી ત્યારે સરકારે તેનું રક્ષણ કર્યું ન હતું. જ્યારે હુમલો કરવામાં આવ્યો.ત્યારે સરકારે સમયસર સારવાર આપી ન હતી. પીડિતાના મૃત્યુ પછી, સરકારે દીકરીના અંતિમ સંસ્કારનો પરિવારનો અધિકાર છીનવી લીધો અને મૃતકનું સન્માન પણ કર્યું નહીં.